
**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૫ ટકા



# જળ બચાવો અભિયાનના લીરા ઉડાડતો પાણીનો વેડફાટ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર પર હજુ મેઘરાજા મહેરબાન થયા નથી અને સિઝનનો વરસાદ માંડ ૧૦૯ મીમી થયો છે. વરસાદ ઘટ હોવાથી પાણીની શોર્ટેજ પણ થઈ શકે છે. એક બાજુ જળ બચાવો અને જળ એજ જીવન સાથેના અભિયાન ચાલે છે ત્યારે બીજી બાજુ સે-૨૮માં આવેલ મયુર એપાર્ટમેન્ટની આજુબાજુમાં પાણીની મેઈન સપ્લાય લાઈન લીકેજ થઈ હોવાથી છેલ્લા ૨ મહિનાથી પાણીનો બગાડ થઈ રહ્યો છે અને તંત્ર દ્વારા જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ કરવામા આવી હોવા છતાં કોઈ પગલાં લેવાતા નથી.

શહેરમાં એક બાજુ ઘણા સેકટરોના મકાનો તથા કવાર્ટસમાં પાણી ન આવવાની કે ઓછું આવવાની ફરિયાદ નોંધાઈ રહી છે. ત્યારે તંત્ર દ્વારા પાણીનો બગાડ ન કરવા ઉપર ભાર પણ મુકાઈ રહ્યો છે છતાંય સે-૨૮ મયુર એપાર્ટમેન્ટની પાસેથી નીકળતી પાણી સપ્લાયની મેઈનલાઈનમાંથી પાઈપ લીકેજ થતા છેલ્લા બે મહિનાથી પાણીનો સતત વ્યય થઈ રહ્યો છે. સેકટરમાં રહેતા જાગૃત નાગરિક દ્વારા ઘણી વખત સે-૨૮માં આવેલી ચરેડી ઓફિસમાં ફરિયાદ કરાઈ છતાં તે કોઈ પગલા ન લેવાતા અને ઈન્કવાયરી ઓફિસના ભાગનું આ કામ છે તેમ કહી ત્યાં જવા જણાવાયું હતું અને ઈન્કવાયરી ઓફસમાં ફરિયાદ કરતા તેઓએ ચરેડી ઓફિસમાં જવા જણાવ્યું હતું. આમ વારાફરતી એક બીજાની જવાબદારી બતાવતી સરકારી ઓફિસો ખાલી નામની જ છે? સતત ૨ મહિનાથી થતો પાણીનો વ્યય હજી કેટલા દિવસ સુધી થશે અને તંત્ર દ્વારા કોઈ પગલા લેવાશે કે નહિ તે જોવું રહ્યું.

# ક્ષય નિવારણ કેન્દ્ર ગાંધીનગર દ્વારા માર્ગદર્શન કેમ્પ યોજાયો






આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા આદર્શ સંસ્કાર તીર્થ ધણપ મુકામે ટી.બી. અને તેના પ્રકાર અને સાવચેતી અંગે માર્ગદર્શન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં પત્રિકા વડે ઘરેઘરે સાવચેતી અને દર્દીઓને મળતી સગવડોની જાણકારી આપવામાં આવી હતી. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ રાઠોડ તેમજ શૈલેષભાઈ પટેલ દ્વારા જરુરીયાત મંદ દર્દીઓને ક્ષય નિવારણ કેન્દ્ર સુધી પહોંચાડી જરુરી સારવાર મળી રહે માટે માર્ગદર્શક બનવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.

# દવા અને કોસ્મેટીકસની આડમાં લઈ જવાતો ૧૫૦ પેટી દારૂનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર નજીક આવેલા અડાલજ પોલીસ દ્વારા દવા અને કોસ્મેટીકના જથ્થાની આડમાં લઈ જવાતા દારૂના જથ્થાની ફેરાફેરી પકડી પાડી છે. પોલીસે જમીયતપુરા રેલ્વે બ્રિજ પાસેથી ૧૫૦ પેટી દારૂ, મેડીસીન, આઈસર ટ્રક, બે મોબાઈલ સહિત કુલ રૂ.૩૪.૫૦ લાખના મુદ્દામાલ કબ્જે કર્યો છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ અડાલજ ડી સ્ટાફના પીએસઆઈ પી.એન.પઢીયાર પોતાના સાથી કર્મચારીઓ સાથે રાત્રે નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે આઈસર ટ્રક નં. એચ.આર.૪૬.સી.-૭૨૫૩ માં ગેરકાયેદસર વિદેશી દારૂ ભરેલી ટ્રક શેરથા ટોલટેક્ષથી પસાર થઈને અમદાવાદ તરફ જવાની છે.જેને પગલે પોલીસે જમીયતપુરા રેલ્વે બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. બાતમીવાળી આઈસર ટ્રક આવતા પોલીસે અંદરથી ચેક કરતા દવા તેમજ કોસ્મેટીકના બોક્ષની આડમાં વિદેશી દારુની ૧૫૦ પેટી મળી આવી હતી. આ હેરાફેરી જોઈ તો પોલીસ પણ ચોંકી ઉઠી હતી. દવાની આડમાં દારૂ લઈને જતા ડ્રાઈવરનુ નામ પુછતા તેણે રોહિત મહેન્દ્ર જાટ રહે. (મિતાથલ, હરીયાણા) હોવાનું સામે આવ્યું હતું.પોલીસે ૧૮૦૦ નંગ બોટલ કિં.રૂ.૬.૬૬ લાખ, બે મોબાઈલ ફોન, રૂ.૪ લાખની આઈશર ટ્રક તેમજ રૂ.૨૩,૮૨,૮૨૩ ની કિંમતની મેડીસીન-કોસ્મેટીકનો જથ્થો મળી કુલ રૂ. ૩૪,૫૦,૩૨૩ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે અમદાવાદ ખાતે દારુ કોને આપવાનો હતો તે દિશામાં તપાસ આરંભી છે.



ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં વૈદ્ય પંચકર્મ તરીકે જાણીતા આયુર્વેદ વૈદ્ય રાકેશભાઈ એન. ભટ્ટે ચાર્જ સંભાળ્યો હતો. હોસ્પિટલના સ્ટાફ દ્વારા રાકેશભાઈ ભટ્ટનું પુષ્પગુચ્છ આપી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.



કૌશલ્યા ગૃપ ગોલ્ડન વીંગની ૪૦થી પણ વધુ મહિલાઓએ આજે રાજ્ય વિધાનસભા ગૃહની મુલાકાત લીધી હતી. આ મહિલાઓની સમૂહ તસ્વીર.

# નાસતા ફરતા આરોપીને એસઓજી પોલીસે દબોચી લીધો

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર અને અમદાવાદ શહેરમાં પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસતા-ફરતા આરોપીને એસઓજી પોલીસે દબોચી લીધો છે. એસઓજી પોલીસની ટીમને અમદાવાદ અને ગાંધીનગરના પ્રોહીના ગુનામાં છેલ્લા ઘણા સમયથી વાઘજી હોથીજી રબારી નાસતો ફરતો હતો. તેની બાતમી મળતા પોલીસે તેને રહે.ઈડર રેલ્વે સ્ટેશન ઈડર લાલોડા રોડ દેસાઈ સીડસની બાજુમાં ઈડર ખાતેથી પકડી પાડ્યો હતો. એસઓજી પોલીસે અટક કરીને આરોપીને ડભોડા પોલીસને આગળની કાર્યવાહી માટે સોંપેલ છે.



આરાધના વિદ્યાવહાર (અંગ્રેજી માધ્યમ) દ્વારા સાયન્સ મોડલ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ સ્માર્ટ ડસ્ટબીન, પ્રોજેકટર, પાવર પ્લાન્ટ ઈન વિલેજના મોડેલ રજૂ કર્યા હતા. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તથા તેમને ઉત્તેજન મળે તે હેતુથી શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું.

# સમર્પણ કોલેજ ખાતે વિદ્યાર્થી અભિમુખતા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે પ્રથમ વર્ષ બી.એ. અને બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન (અભિમુખતા) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદભાઈ શાહ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓમાં શિક્ષણ અંગેની સાચી સમજ કેળવાય અને કોલેજમાં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓથી પરિચિત થાય તે હેતુથી યોજાયેલ આ કાર્યક્રમમાં આઈકયુઓસી-કો ઓર્ડીનેટર ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટે સંસ્થાના સ્થાપક શંકરસિંહ વાઘેલા બાપુના




વિદ્યાર્થીલક્ષી અભિગમ અને કોલેજની બે દાયકા કરતાં વધારે ઉજજવળ શૈક્ષણિક સફરનો આલેખ આપ્યો હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. દીપક પંડયાએ વિદ્યાર્થીઓને કોલેજમાં ઉપલબ્ધ અધ્યયન અને અધ્યયન પૂરક સુવિધાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. ઉપાચાર્ય ડૉ. હેમંત વૈષ્ણવ અને ડૉ. લલીતાબેન સોલંકીએ અનુક્રમે આર્ટસ અને કોમર્સ વિદ્યાશાખાનો પરીચય કરાવ્યો હતો. પ્રા.વૈભવ કોઠારી અને પ્રા. નીતેન્દ્ર પટેલે અધ્યયનપુરક અને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. અતિથિવિશેષ ડૉ. હર્ષદભાઈ શાહે અનેક ઉદાહરણો ટાંકીને વિદ્યાર્થીઓને શ્રમ, સંસ્કાર, સંયમ અને સહયોગના ગુણો કેળવવા અનુરોધ કર્યો હતો અને તેમની શૈક્ષણિક કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. મહેન્દ્રસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને અનુશાસન અને સ્વયં શિસ્ત દ્વારા સંસ્થાનું નામ રોશન કરવા હાકલ કરી હતી અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે દરેક પ્રકારની મદદ કરવાની તૈયારી બતાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. સમીર ભટ્ટે અને આભારદર્શન પ્રા. શ્વેતાબેન પવારે કર્યું હતું.

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન મરૂન ઘટાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન રત્નહિંડોલાના દર્શન થશે.

# યાદો કી બારાત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા ગાંધીનગર અને અમદાવાદ શહેરના ઉગતા કલાકારોને પ્લેટફોર્મ પુરું પાડવાના ઉદ્દેશથી 'યાદો કી બારાત' નવા જુના સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ તા. ૨૯ જુલાઈના રોજ યોજાશે. રાત્રે ૮ કલાકે સે-૧૨ સ્થિત આંબેડકર હોલમાં યોજાનાર પ્રોગામમાં પ્રવેશ નિઃશુલ્ક છે. વધુ માહિતી માટે સંપર્ક કરવા શ્રવણ પરમાર ૯૪૨૭૩૧૮૦૭૩, ભરત વાણિયા ૮૨૦૦૯૨૧૭૬૬નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# જયોતિ મહિલા મંડળ દ્વારા વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી

ગાંધીનગર, તા.૨૩

જયોતિ મહિલા મંડળ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે સે-૨૮ની સરકારી શાળાની વિદ્યાર્થીનીઓને પંચદેવ મંદિરના શાસ્ત્રી નિલકંઠભાઈ દ્વારા ગૌરી વ્રતનું મહત્વ સમજાવતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારીના મુખ્ય સંચાલિકા કૈલાસદીદીએ ઉપસ્થિત રહી




ઉચ્ચ કારકિર્દી બનાવવા પર ભાર મૂકી બાળકીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત સંસ્થા દ્વારા ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સ્વાગત પ્રવચન ડૉ. ચેતના બુચ દ્વારા કરવામાં આવ્યું હતું અને રીટાબા બિહોલા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હર્ષાબા ધાંધલ અને નીરૂબને નાયકનો પૂરતો ફાળો રહ્યો હતો.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ગુજરાતના દરેક જિલ્લામાં સાયન્સ કલબની સ્થાપના કરવામાં આવી છે તેમ ગાંધીનગરમાં સે-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાની ૧૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સાયન્સ કલબની સ્થાપના કરવામાં આવી છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓ વિજ્ઞાનને લગતી રાજય તેમજ રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે છે.

તે અંતર્ગત ગાંધીનગરમાં નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મુંબઈ દ્વારા સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવે છે. જેમાં સમગ્ર ભારતમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે. શહેરના વિદ્યાર્થીઓ પણ આ નેશનલ લેવલની સ્પર્ધામાં ભાગ લે તે હેતુથી છેલ્લા ૧૫ વર્ષથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજકોસ્ટના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તેમ આ વર્ષે પણ નેશનલ સાયન્સ સેમિનાર ૨૦૧૯ માટે જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન તા. ૨૯ જુલાઈના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૨૩ સ્થિત આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં કરવામાં આવ્યું છે.

આ વર્ષનો નેશનલ સાયન્સ સેમિનારનો વિષય 'આવર્ત કોષ્ટકના રાસાયણિક તત્વોની માનવ કલ્યાણ પર અસર' રાખવામાં આવ્યો છે. આ વિષયને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ ૬ મીનીટ સુધી રજુઆત કરી શકશે. આ સેમિનારમાં વિદ્યાર્થીઓએ વિષયને અનુરુપ ચાર્ટસ, સ્લાઈડસ, પીપીટીમાંથી ગમે તે એક માધ્યમની વધુમાં વધુ પાંચ સ્લાઈડસ અથવા ચાર્ટસ રજૂ કરવાના રહેશે. સેનિમારમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે અને આગળ વધે તેમ સંસ્થા દ્વારા જણાવાયું છે.

# આર.સી. પટેલ હાઈસ્કૂલ ખાતે 'જળ એ જ જીવન' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને પાણીનું મૂલ્ય સમજાવવામાં આવ્યું હતું. હાલમાં મોટા ભાગે ગુજરાત સહિત સમગ્ર ભારત પીવાના પાણીની કટોકટીનો સામનો કરી રહ્યું છે વળી ભર ચોમાસે પણ વરસાદ વરસતો નથી, બાફ અનુભવાય છે પણ મેઘરાજા મન મૂકીને વરસી નથી રહ્યા ત્યારે પીવાનું પાણી માણસના જીવનમાં કેટલું અમૂલ્ય છે તે વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. જળ વિના જીવન સમાપ્ત ન થઈ જાય તે માટે પાણીનો કરકસરથી કેવી રીતે ઉપયોગ કરી શકાય તે પણ બતાવવામાં આવ્યું હતું શાળાના શિક્ષક સંજય ત્રિવેદીએ વિદ્યાર્થીઓને પાણી બચાવવા માટે સોગંદ લેવડાવ્યા હતા અને વિદ્યાર્થીઓએ પણ પાણીનું મૂલ્ય સમજી આ હકારાત્મક વિચારને દરેક સુધી ફેલાવવાની બાંહેધરી આપી હતી.

# શહેરમાં વરસાદ લાવવા વરૂણદેવ યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

વરસાદની હાલના દિવસોમાં સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે ત્યારે પ.પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ અન વેસ્ટર્ન એગ્રી સીડસ લી. ગાંધીનગર દ્વારા તા. ૨૯ જુલાઈના રોજ વરૂણદેવ યજ્ઞ યોજાશે.

પુરતા પ્રમાણમાં વરસાદ થાય તે માટે વરૂણદેવની કૃપા પામવા ૧૬મા પર્જન્ય યજ્ઞ એટલે કે વરૂણદેવ યજ્ઞનું આયોજન સવારે ૧૧ કલાકે કરવામાં આવ્યું છે. ગાયત્રી મંદિર પાસે આવેલ મહાકાળેશ્વર મહાદેવ ખાતે યોજાનાર હવનમાં ૪ વાગે શ્રીફળ હોમાશે. ડૉ. એન.પી. પટેલ અને વેસ્ટર્ન એગ્રી સીડસ લી. પરિવાર દ્વારા શહેરીજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# સ્વાતંત્ર્ય દિને દેશની રક્ષા કરતા જવાનોને રાખડી બાંધવાની અનોખી તક...!!

## એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા હાથ ધરાયેલ નવતર પહેલને સોશ્યલ મિડીયા પર પ્રોત્સાહક આવકાર : યોગાનુયોગ આ વર્ષે ૧૫મી ઓગષ્ટે જ રક્ષાબંધન છે

ગાંધીનગર, તા.૨૩

આગામી માસે ભારતનો ૭૩મો સ્વાતંત્ર્ય દિન આવી રહ્યો છે, આઝાદીની લડતના શહીદો પછી ભારતમાં સ્વતંત્રતાને ટકાવવા અસંખ્યવીર જવાનો સરહદ પર અને દેશની અંદર પણ સતત પોતાના જીવનની આહુતિઓ આપતા રહે છે તેની સામે સામાન્ય નાગરિકો તેમની સુરક્ષા કાજે પ્રાર્થના કરતા હોય છે અને શહીદ જવાનોને નત મસ્તક થઈ શ્રધ્ધાંજલિ આપતા હોય છે. દેશની સુરક્ષા માટે રાત દિવસ ખડેપગે તૈનાત રહેતા સશસ્ત્ર દળોના જવાનોની સુરક્ષા અને જુસ્સા કાજે યુવા ફાઉન્ડેશન નામની સંસ્થાએ એક નવતર પ્રયોગ હાથ ધર્યો છે જેનો સાર્વત્રિક રીતે આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. આ પ્રયોગમાં સંસ્થા દ્વારા આગામી રક્ષાબંધનના પવિત્ર પર્વને અનુલક્ષીને જવાનોને રાખડીઓ મોકલવાનો છે.

રક્ષાબંધનનું પર્વ એટલે માત્ર ભાઈ-બહેનના હેતનું પર્વ જ નહીં પરંતુ બહેન દ્વારા પોતાના ભાઈની સુરક્ષા અંગે કામના કરવાનું પર્વ. હૈયે પોતાના વીરાની સલામતીની ખેવના સાથે હેતથી બાંધેલી રાખડી બહેનના ભાઈને જીવનમાં કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવાનો જુસ્સો અને પ્રેરકબળ પુરું પાડે છે. દેશની સુરક્ષા માટે પણ આપણા સશસ્ત્રદળોના જવાનો પોતાના જીવની પરવા કર્યા વગર ગમે તેવી મૌસમમાં કે પરિસ્થિતમાં આખરી શ્વાસ સુધી લડી લે છે. આ જવાનોનો જુસ્સો સતત વધતો રહે અને તેમની ઈશ્વર સુરક્ષા કરે જેઓ દેશની સુરક્ષા કરી રહ્યા છે તેવા ભાવ સાથે બહેનો દ્વારા આ રક્ષાબંધનને સશસ્ત્ર દળોના જવાનોને રાખડીઓ મોકલવામાં આવશે. ગુજરાતની યુવા ફાઉન્ડેશન દ્વારા આ અંગે સોશ્યલ મિડીયા પર હાકલ કરવામાં આવી છે અને એક બંધ કવરમાં મહિલાઓ જેટલી રાખડીઓ જવાનોને બાંધવા ઈચ્છતી હોય તે મુકી સંસ્થાના કલેકશન સેન્ટર પર પહોંચાડવાની છે જેને સંસ્થા દ્વારા રક્ષાબંધને સશસ્ત્ર દળોના જવાનોને પહોંચાડવામાં આવશે. આ સાથે બહેનો પોતાનો સંદેશ પણ લખીને મોકલી શકશે. સંસ્થા દ્વારા હાલ પાટણ, અમદાવાદ, સુરત અને મહેસાણા ખાતે કલેકશન કેન્દ્ર શરુ કરાયા છે પરંતુ ગાંધીનગરમાં પણ સોશ્યલ મિડીયા પર સારો આવકાર આ પહેલને મળી રહ્યો હોઈ શકય છે કે ગાંધીનગરમાં પણ કલેકશન સેન્ટર ચાલુ થાય.

### શું પધ્ધતિ છે જવાનોને રાખડી મોકલવાની?

સશસ્ત્ર દળના જવાનોને રાખડી મોકલવાની પહેલમાં જે બહેન જોડાવા માંગે તેમણે એક કવરમાં રાખડી તથા રાષ્ટ્રભાષા હિન્દીમા પોતાનો સંદેશો પાઠવતો પત્ર લખી કવર બંધ કરી તેને તા. ૩જી ઓગષ્ટ પહેલા સંસ્થાને પહોંચાડવાનું છે. આવા તમામ કવરને યુવા ફાઉન્ડેશન તા. ૧૫મી ઓગષ્ટે જોગાનુજોગ આ વર્ષે રક્ષાબંધન પણ છે ત્યારે જવાનોને મળી જાય તેવું આયોજન કરશે.

## ચિરવિદાય

- સ્વ. પરીખ મીનાબેન અશોકભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. પટેલ સીતાબેન પસાભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. વાઘેલા શારદાબેન આત્મારામ, ઉ.વ. ૭૧